## ખનીજ માફીયાઓએ દાટ વાળ્યો

# ત્રણ કિલોમીટર નદીનો પટ ખોદી નાખ્યો

### ૯ કરોડ ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરાયો : ભૂસ્તર વિભાગની ટીમ અંબાઈગઢા પહોંચી : માપણી કરાયા બાદ ખનન માફિયા સામે કાર્યવાહી કરાશે

હિંમતનગર, તા. ૧

સાબરકાંઠા જિલ્લાના ખેરોજ પોલીસ સ્ટેશનની હદમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાં છેલ્લા કેટલાય સમયથી કેટલાક ખનીજ માફીયાઓ ખાણખનીજ વિભાગની પરવા કર્યા વિના રેતીનું ખનન કરી પોતાની દાદાગીરી કરી રહ્યા છે. ત્યારે ખેરોજ પોલીસ તથા જિલ્લાના અન્ય વિભાગો દ્વારા બુધવારે રાત્રે દરોડો પાડીને તપાસ કરતા આ ખનીજ માફીયાઓએ પોતાના આકાઓની મહેરબાનીથી સાબરમતી નદીનો ત્રણ કિલોમીટરનો પટ ખોદી કાઢીને આ રેતી એક જગ્યાએ ખેતરમાં ઢગલા કરી દીધા હતા જેને લઈને ખેરોજ પોલીસે અંદાજે રૂ. ૯ કરોડ ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરીને આ ખનીજ માફીયાઓ સામે ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કર્યા બાદ તે અંગે સાબરકાંઠા જિલ્લાના ખાણખનીજ વિભાગને જાણ કરાઈ હતી. જેથી ન છુટકે ખાણખનીજ વિભાગે તપાસ માટે ગુરૂવારે અધિકારીઓની ટીમ મોકલી છે.



આ અંગે ખેરોજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એમ.વી. જોટાણા તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.એમ. ચૌહાણના જણાવાયા મુજબ બુધવારે ખેરોજ પોલીસનો સ્ટાફ ચેકપોસ્ટ પર વાહન ચેકીંગ કરી રહ્યો હતો ત્યારે તેમને એવી બાતમી મળી હતી કે અંબાઈગઢા તથા પંચાલ ગામની સીમમાંથી પસાર થતી સાબરમતી નદીના પટમાંથી કેટલાક ખનીજ માફીયાઓ ગેરકાયદે રેતીનું ખનનન કરી વાહનોમાં ભરી લઈ જઈ રહ્યા છે. ત્યારબાદ ખેરોજના પી.આઈ.એ આ અંગે વધુ પોલીસ સ્ટાફની માંગણી કીરને એલસીબી તથા પોલીસના અન્ય વિભાગના અધિકારીઓને સાથે રાખી તપાસ હાથ ધરવામાં આવી હતી.

તપાસ દરમિયાન પોલીસને અંબાઈગઢા ગામના સર્વે નં. ૬૫૮ પૈકી ૧ વાળી રબારી કલ્યાણભાઈ ચેહરભાઈની માલિકીની જમીનની માલિકીની બે જગ્યાઓ રેતીના મોટા ઢગલા કરાયેલ જણાયા હતા અને તેની નજીક બે હીટાચી મશીન તથા દસ હાઈવા ટ્રક મળી આવ્યા હતા તે જ પ્રમાણે પંથાલ ગામની સીમના સર્વે નં. ૧૩૧ વાલી જમીનમાંથી રેતી ખનન કરવામાં ઉપયોગમાં લેવાતુ હિટાચી મશીન કબ્જે લેવામાં આવ્યું હતું. ત્યારબાદ પોલીસે આ જગ્યાએ રેતીનો સંગ્રહ કરનાર અમૃતભાઈ સેંધાભાઈ દેસાઈ તથા ભરતભાઈ સેંધાભાઈ દેસાઈની પુછપરછ કરાઈ હતી. પરંતુ આ બંને જણાએ ખાણખનીજ વિભાગની કોઈ પાસ પરમીટ રજુ ન કરતા પોલીસે આખરે અંદાજે રૂ. ૯ કરોડ ૧૫ લાખનો મુદ્દામાલ સીઝ કરીને પંચોની હાજરીમાં પંચનામુ કર્યુ હતુ અને તે અંગે સાબરકાંઠા જિલ્લા ખાણખનીજ વિભાગને મોકલી અપાયુ હતુ. જે આધારે ખાણખનીજ વિભાગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે સાબરકાંઠા જિલ્લામાં અનેક સ્થળે ગેરકાયદે ખનનની પ્રવૃતિ ધમધોકાર ચાલી રહી હોવા છતાં ખાણખનીજ વિભાગના અધિકારીઓ કેમ કોઈ કાર્યવાહી કરતા નથી જેના પરથી પ્રજામાં એવી છાપ ઉપસી રહી છે કે હિંમતનગર પાસેના દેરોલ તથા પ્રાંતિજ પાસેના સીતવાડા નજીકથી પસાર થતી આ સાબરમતી નદીમાં થઈ રહેલા ખનન અંગે ખનીજ માફીયાઓ પર ભૂસ્તર વિભાગના અધિકારીઓના આશીર્વાદ હોય તો નવાઈ નહી. જેથી ઉચ્ચ અધિકારીઓએ અથવા તો વિજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવે તો અનેક મોટુ કૌભાંડ બહાર આવે તેમ છે અને સરકારની આવકની થતી ચોરરી અટકી શકે તેમ છે.

### ભૂસ્તરશાસ્ત્રી શુ કહે છે

ખેરોજ પોલીસો અંબાઈગઢા તથા પંચાલ પંથકમાંથી જે ખનીજ ચોરી પકડી છે અને તે અંગે જિલ્લા ખાણખનીજ વિભાગને જાણ કરાઈ છે તે અંગે ભૂસ્તરસાસ્ત્રી જે.એમ. પટેલે એક વાતચિતમાં જણાવ્યું હતું કે પંચનામાના કાગળો મળ્યા બાદ ગુરૂવારે ખાણખનીજ વિભાગના સર્વેયર તથા સુપરવાઈઝરની ટીમ મોકલાઈ છે જેઓ નદીના પટની માપણી કર્યા બાદ તેનો અહેવાલ આપશે ત્યારબાદ આગળની કાર્યવાહી કરાશે.

### અગાઉ પણ ખનીજ ચોરી પકડાઈ હતી

અંબાઈગઢા તથા પંથાલ પંથકમાં બે-ત્રણ વર્ષ અગાઉ એક ઝાંબાજ અધિકારીએ હિંમતપૂર્વક દરોડો પાડીને એક લીઝમાંથી કરોડોના વાહનો તથા રેતીનો જથ્થો સીઝ કરતા ખનીજ માફીયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.



## ડીસામાં ફરસાણ અને મીઠાઈના જથ્થાનો નાશ કરાયો

બનાસકાંઠા જિલ્લાના વેપારી મથક ડીસામાં બીજા તબક્કામાં લોકડાઉન ચાલુ છે જેથી ધંધા રોજગાર ઘણા સમયથી બંધ છે. જેના કારણે ખાસ કરીને ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં પડેલ જથ્થો ગરમીના કારણે બગડી ગયો છે. ત્યારે અગમચેતીના ભાગરૂપે ગઈકાલે બુધવારે ફૂડ વિભાગ દ્વારા આ દુકાનોમાં પડેલ ફરસાણ અને મીઠાઈનો નાશ કરવામાં આવ્યો હતો. પરંતુ લોકડાઉન અગાઉ આ દુકાનોમાં મીઠાઈ અને ફરસાણનો મોટી માત્રામાં જથ્થો ભરેલો હતો તેમછતાં દુકાનો ખાલી જોવા મળતા ખુદ અધિકારીઓ આશ્ચર્યમાં ગરકાવ બની ગયા હતા. લોકડાઉન દરમ્યાન આ જથ્થો પગ કરી જવાનો મુદ્દો શહેરીજનોમાં 'ટોક ઓફ ધી ટાઉન' બની ગયો હતો.

# કોરોના વોરિયર્સની પડખે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર

### ૨૫૦૦ જેટલા પોલીસકર્મીઓ માટે હાઈજેનીક ફૂડ પેકેટની હૂંફ

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જીલ્લા પોલીસતંત્રમાં લોકડાઉનની અમલવારી માટે ખડેપગે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ, આઈજી મયંકસિંહ ચાવડાએ હાઈજેનીક રસોડાની મુલાકાત લીધી હતી. લોકડાઉનની અમલવારીમાં ખડેપગે રહેતા કોરોના વોરિયર્સ જમવાની સુવિધા તૈનાત પોલીસ કર્મચારીઓને ભોજન માટે હાલાકીઓ પડતી હતી જો કે, જિલ્લાના તમામ વિસ્તારોમાં તૈના પોલીસ, હોમગાર્ડ તેમજ આર્મીના નિવૃત્ત જવાનો માટે



લશ્કરી જવાનો, ટીઆરબી અને હોમગાર્ડ જવાનોને લોકડાઉનના પગલે ભોજનની તકલીફ પડતા અરવલ્લી જીલ્લા પોલીસવડા મયુર પાટીલે કોરોના વોરિયર્સ માટે જીલ્લા પોલીસવડા કચેરી ખાતે હાઈજેનીક રસોડામાં ફૂડ પેકેટ તૈયાર કરી ફરજ પરના કર્મચારીઓને પહોંચાડવાની સુવિધા ઉભી કરી હતી. રેન્જ મળી રહેતા હાશકારો અનુભવ્યો હતો.

લોકડાઉનને પગલે પોલીસ ખડેપગે રહેતી હોય છે, ત્યારે ચોવિસ કલાક ફરજ બજાવતા પોલીસકર્મીઓ માટે અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર દ્વારા ભોજન પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અરવલ્લી જિલ્લાના વિવિધ પોઈન્ટ પર ફૂડ પેકેટ મોડાસા ખાતે આવેલી જિલ્લા પોલીસ વડા કચેરી ખાતે તૈયાર કરી પહોંચાડવામાં આવી રહ્યા છે. જીલ્લાના ૨૫૦૦ જેટલા પોલીસ કર્મચારીઓ માટે સવાર સાંજ ભોજન બનાવવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે જેમાં ૩૫ જેટલા લોકો કર્મીઓ અને અન્ય લોકોની મદદથી હાઈજેનીક રસોડું ધમધમી રહ્યું છે.

### પાલઘર સંતોની હત્યાકાંડના વિરોધમાં ખેડબ્રહ્મા નાયબ કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ

મહારાષ્ટ્રની ભૂમીએ સંતોની સુરક્ષા માટે ભૂતકાળમાં ગૌરવ પ્રાપ્ત કરેલ છે, પરંતુ પાલઘરમાં વામપંથીઓની ગતિવિધિઓ જોરશોરમાં ચાલી રહી રહેલ છે. ભૂતકાળમાં પણ અહી હિંદુ નેતાઓની હત્યા કરવાના સિલસિલાનો ઈતિહાસ રહેલો છે તેમ તાજેતરમાં થયેલ એક સંત તથા તેમના સહયોગીની થયેલ હત્યા એક માનસિકતા છતી કરે છે તેમના વિરોધમાં આજે વિશ્વ હિંદુ પરિષદ ખેડબ્રહ્મા પ્રખંડના જીલ્લા મંત્રી, સહમંત્રી, કોષાધ્યક્ષ તેમજ બજરંગદળના હોદ્દેદારોએ આજે ખેડબ્રહ્મા પ્રાન્ત અધિકારીને આવેદનપત્ર આપી હત્યારાઓની ધરપકડ કરી કઠોરમાં કઠોર સજા કરવા રજૂઆત કરી હતી.

### ધાનેરામાં કોરોનના કહેર વચ્ચે પણ શરૂ થઈ લગ્નની વિધિ

દરેક માતા-પિતાને પોતાના લાડકવાયા તેમજ લાડકવાઈ ના લગ્ન ખૂબ જ ઉત્સાહ સાથે કરતા હોય છે અને સગાવહાલા તેમજ મોટા પ્રમાણમાં મહેમાનો બોલાવી તમામ લોકો ભેગા મળી લગ્નની ખુશી માણતા હોય છે પરંતુ આ વખતે કોરોના કરને લઈ કેટલાય લગન કેન્સલ થયા છે કેટલીક જગ્યાઓ પર કોરોના ના કહેર વચ્ચે પણ લગ્ન યોજાઈ રહ્યા છે જો વાત કરવામાં આવે બનાસકાંઠા જિલ્લાના ધાનેરા ની ધાનેરામાં એક પરિવારે પોતાના પુત્રના લગ્ન લીધા છે આ લગ્નમાં પોતે પોતાના સગા સંબંધીઓને પણ નથી આમન્ત્રણ આપ્યું તેમ જ ઘરના પરિવારજનો ભેગા મળી લગ્ન કરી રહ્યા છે તો બીજી તરફ કોરોના ને લઈ વરરાજા તેમજ તમામ લોકોના મોઢે માસ્ક જોવા મળી રહ્યા છે સાથે સાથે તમામ લોકો એકબીજાથી દૂર ઉભા રે સોશિયલ ડિસ્ટન્સ પણ જાળવી રહ્યા છે ત્યારે આ પરિવારે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે અમે લોકોએ અમારા સગા સ્નેહીઓ ને પણ નથી બોલાવ્યા અને માત્ર અમારા પરિવાર દ્વારા આ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે અને સરકારની પણ તમામ સૂચનાનું પાલન કરી અને આ લગ્ન કરી રહ્યા છીએ.

# મોડાસાના ટીંટોઈ સબયાર્ડના નાફેડ કેન્દ્રની મનમાનીથી ખેડૂતોમાં આક્રોશ

મોડાસા, તા. ૧

ખેડૂતોને પોષણક્ષમ ભાવ ન મળતા ખેડૂતોની હાલત દયનિય બની રહી છે. સરકારે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખેત પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરી રહી છે ચાલુ સાલે ૧ માર્ચથી ૩૧ માર્ચ સુધી ટેકાના ભાવે ઘઉં વેચવા માંગતા ખેડૂતોનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડના પરિપત્રમાં એક ખેડૂતના ૩૦૧૯.૬૫ કિલો પ્રતિ





હેક્ટર ઘઉં સરકાર ખરીદશેની જાહેરાત કરવામાં આવી હતી. અરવલ્લીના ટીંટોઈ સબયાર્ડના નાફેડ કેન્દ્રની મનમાની બહાર આવી હતી જેમાં ખેડૂતોના ૧૫૦ મણથી વધુ ઘઉંની ખરીદી કરવાનો નનૈયો ભણતા ખેડૂતોમાં આક્રોશ ફેલાયો હતો.

મોડાસાના ટીંટોઈ સબયાર્ડ ખાતે નાફેડકેન્દ્ર બુધવાર સુધી ખેડૂતો પાસેથી ટેકના ભાવે હેક્ટર દીઠ ૧૫૦ મણ ઘઉંની ખરીદી કરી રહ્યા પછી અગમ્ય કારણોસર તખઘલી નિર્ણય કરી ખેડૂતો પાસે ૨ હેક્ટર કે તેથી વધુ ઘઉંનું રજીસ્ટ્રેશન કરાવ્યું હોવા છતાં ખેડૂતો પાસેથી ફક્ત ૧૫૦ મણ ઘઉંની ખરીદી કરવાનો નિર્ણય કરતા ખેડૂતોમાં આક્રોશ છવાયો હતો અને ખેડૂતો પાસેથી સરકારના નિયમ પ્રમાણે ટેકાના ભાવે ખરીદી કરવામાં આવેની માંગ કરી હતી.

ટીંટોઈ ગામના જશુભાઈ મોતીભાઈ પટેલ નામના ખેડૂતના જણાવ્યા અનુસાર તેમને ૨ હેક્ટર જમીનમાં ઘઉંની વાવણી કરી હતી અને ટેકાના ભાવે ઘઉં વેચવા ૭૦૧૪ કી.ગ્રા. નું રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. આજે ટેકાના ભાવે ઘઉં વેચવા પહોંચતા ટીંટોઈ સબયાર્ડ પર ખરીદી કરી રહેલી એજન્સીએ ૧૫૦ મણ ઘઉં જ ખરીદી શકાશે તેમ જણાવતા ખેડૂતમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો.

# અરવલ્લીમાં તરબૂચનું વાવેતર કરનાર ખેડૂતોને લાલ પાણીએ રોવાનો વારો આવ્યો

કોરોનાનું સંક્રમણ વધુ ન પ્રસરે તે માટે સરકારે લોકડાઉન જાહેર કર્યુ છે. જેના પગલે લોકડાઉનનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે. જેના કારણે તમામ



વ્યાપાર ધંધા વાહનવ્યવહાર બંધ છે ત્યારે એની અસર ખેડૂતો પર પણ જોવા મળી છે. ખેડૂતોએ મહામહેનતે તૈયાર કરેલ તડબૂચ વાહન વ્યવહાર બંધ હોવાના કારણે ખેતરમાં જ પડી રહ્યા હોવાથી ખેડૂતોને રાતા પાણી રોવાનો વારો આવ્યો છે.

હાલ કોરોના મહામારી સામે લડવા સમગ્ર દેશ લોકડાઉન છે. દેશના તમામ રાજ્યો સંપૂર્ણ પણે લોકડાઉન છે. તમામ વેપાર ઉદ્યોગ વાહનવ્યવહાર પણ સંપૂર્ણપણે બંધ હાલતમાં છે. એક તરફ ખેડૂતે મહામહેનતે પકવેલ મોલ તૈયાર થવાની અણી પર હતું અને એકાએક લોકડાઉન થયું ત્યારે જે ફળની ઉપજ છે કે જેનું બહારના જિલ્લામાં અને રાજ્યમાં માર્કેટ છે. તેવા ખેડૂતોને ભારે નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના મેઘરજ તાલુકામાં મોટાભાગે ખેડૂતોએ ઉનાળુ ખેતીમાં તડબૂચનું વાવેતર કર્યું છે. લગભગ ૫૦૦ વિઘાથી વધુ જમીનમાં તડબૂચનું વાવેતર ખેડૂતોએ કર્યું છે. તડબૂચની ખેતી ૭૦ દિવસની હોય છે. ખેડૂતો મોંઘા ભાવનું બિયારણ લાવી સારી માવજત કરીને ખૂબ સારા પ્રમાણમાં તડબૂચનો ઉતારો પણ આવ્યો છે. લગભગ ૧ વીઘાએ ૬૫૦ થી ૭૦૦ મણ તડબૂચનો પાકનો ઉતારો આવ્યો છે. ત્યારે સામાન્ય રીતે સીઝનમાં ૩૫૦ થી ૪૦૦ રૂપિયે મણ તડબૂચ વેચાય છે.

દરરોજની જિલ્લા અને જિલ્લા બહાર અને અન્ય રાજ્યોમાં પણ મેઘરજના તડબૂચ વર્ષોથી વેચતા હતા. પરંતુ આ વર્ષે તડબૂચના પાકને જાણે કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. હાલ તમામ ટ્રાન્સપોર્ટ બંધ છે જેના કારણે લાખો મણ તડબૂચનો પાક ખેતરમાં જ પડી રહ્યો છે. હાલની સ્થિતિમાં ખેડૂતો લોકલ ટ્રેક્ટરમાં ભરી ફક્ત ૧૦ રૂપીયે કિલો એટલે કે ૨૦૦ રૂપિયે મણ તડબૂચ વેચવા ખેડૂત મજબૂર બન્યા છે.

### ખેડબ્રહ્મા પોલીસે દેશી દારૂ ઝડપ્યો

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનથી મળતી વિગતો અનુસાર રાજસ્થાન સરહદી બોર્ડરથી કેટલાક ઈસમો ચોરી ચુપીથી મો.સા. ઉપર તેમજ એક્ટીવા ઉપર ગે.કા.નો ઈગ્લીશ તેમજ દેશી દારૂ ગુજરાતની હદમાં લક્ષ્મીપુરા થઈ ગામડાના અંદર રસ્તાઓમાં થઈ વડાલી તરફ જાય છે તે બાતમી આધારે પોલીસ સ્ટાફ લક્ષ્મીપુરા વિસ્તારમાં પેટ્રોલીંગ વધાર્યુ હતું.

આ દરમ્યાન નાકા ગામ તરફથી એક બજાજ પલ્સર નં.GJ-09-AM-3708 ઉપર તેનો ચાલક કંતાનનું પોટલુ બાંધેલ આવતા જેને હાથના ઈશારાથી રોકવા જતા પોતાનું મો.સા.લઈ ભગાડેલ જેથી તેનો ખાનગી વાહનથી પીછો કરતા આશરે પાંચેક કીલોમીટર પોતાનું મોટર સાયકલ દોડાવેલ જેથી સદરહું મો.સા.ની ખાનગી વાહનથી આડાશ કરતા પોતાનું મો.સા.એક ઉકરડામાં ઉતારી મોટર સાયકલ પડતું મુકી ખેતરોમાં દોડી ગયેલ અને તેની પાછળ પડતા મકાઈના ખેતરોમાં થઈ નાસી ગયેલ અને પકડાયેલ નહીં જે કંન્તાન ખોલી જોતા તેની અંદર પ્રવાહી ભરેલ ફુગ્ગા નંગ-૬ મળી આવેલ ૬ ફુગ્ગામાનો દેશી દારુ કૂલ લીટર -૧૮ કિમત રૂ.૩૬૦ તથા પલ્સર બાઈક ૧૫૦૦૦પકડી પડી બાઈક ચાલક વિરુદ્ધ ગુન્હો નોધ્યો હતો.

### ધાનેરામાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે તપાસ હાથ ધરી

લોકડાઉન બાદ કોઈ રોગચાળો ફાટી ન નીકળે તે માટે તંત્ર પણ સક્રિય બન્યું છે અને કાર્યવાહી શરૂ કરી છે ત્યારે છેલ્લા એક માસ કરતાં પણ વધુ સમયથી ફરસાણ ની તમામ દુકાનો બંધ છે અને આ તમામ દુકાનમાં પડેલ અખાદ્ય વસ્તુ કોઈ વેપારી અને લોકો તેનો ઉપયોગ ન કરે જેથી કરીને રોગચાળાને અટકાવી શકાય જેના અનુસંધાને આજે બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ફૂટ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી અને ધાનેરામાં રહેલી ફરસાણની દુકાનમાં થી મોટા પ્રમાણમાં જથ્થો ઝડપી પાડયો હતો અને તમામ જથ્થો નાશ કરવામાં આવ્યો હતો.